# Day to Day Current Affairs
## July – 2015

### ❖ ૮ જુલાઈ, ૨૦૧૫ (બુધવાર)

### 1) ડો. મહેમૂદ આલામ :–

- ભારતીય વિજ્ઞાની ડો. મહેમૂદ આલમે મેલેરિયાની સારવાર માટે જરૂરી પ્રોટીન ઓળખ્યું.
- બ્રિટનમાં સાત આંતરરાષ્ટ્રીય વિજ્ઞાનીઓની ટીમ મેલેરિયાની સારવાર કેવી રીતે થઈ શકે એ દિશામાં જનીનિક સંશોધન કરી રહી હતી આ ટીમમાં ડો. આલમ પણ હતા.
- ડો. આલમ મૂળ ઝારખંડના લોહરદાગના વતની છે.
- વિજ્ઞાનીઓએ શોધેલું આ પ્રોટીન 'કિસાન' નામે ઓળખાય છે.

### 2) છાતીમાં બોલ વાગતા શ્રીલંકન મૂળના ક્રિકેટરનું અવસાન :–

- શ્રીલંકન મૂળના ક્રિકેટર બાવલન પથમનાથનનું ક્રિકેટના મેદાન પર છાતીમાં બોલ વાગવાથી અવસાન.
- તે થર્ડ ડિવિઝનની બ્રિટીશ – તમિળલીગ મેચમાં મનીપે પેરિસ સ્પોટર્સ કલબ તરફથી બેટીંગ કરી રહયો હતો.

### 3) પીએમ વિદેશયાત્રા :–

- વડાપ્રધાન ૬ દેશોની યાત્રાના બીજા પડાવમાં કઝાકિસ્તાન પહોંચ્યા.
- જયાં તેમણે અસ્તાનામાં આવેલી નઝારબાયેવ યુનિવર્સિટીમાં ઈન્ડિયા – કઝાક સેન્ટર ફોર એકિસલનસનું ઉદઘાટન કર્યુ હતું.
- વર્ષ ૨૦૧૧ – ૧૨માં યુએનની સુરક્ષા પરિષદમાં સભ્યપદ અપાવવા માટે કઝાકિસ્તાને ભારતની તરફેણ કરી હતી.
- ભારતે કઝાકિસ્તાન સાથે પાંચ મહત્વના કરાર કર્યા હતા. જેમાં કઝાકિસ્તાન ભારતીય રિએકટરો માટે યુરેનિયમ પુરુ પાડશે. આ ઉપરાંત સંરક્ષણ સહકાર, દ્વિપક્ષીય સંબંધો, આતંકવાદ સામેની લડાઈ જેવાં ક્ષેત્રોમાં સહકાર સાધવા સહમતી સધાઈ હતી.
- મોદીએ કઝાક રાષ્ટ્રપતિ નુરસુલતાનને ૭૫ માં જન્મદિવસની શુભેચ્છા પાઠવી ભારતીય ધર્મગ્રંથ ગુરુ ગ્રંથ સાહેબ, કલ્પસૂત્ર, અષ્ટસહસ્રિકા, પ્રાજનાપરમિતા અને વાલ્મીકી રામયણની ભેટ આપી હતી.

### 4) ફિલપકાર્ટ :–

- ભારતની સૌથી મોટી ઓનલાઈન રિટેઈલર કંપની ફિલપકાર્ટ સપ્ટેમ્બરથી તેની વેબસાઈટ બંધ કરશે.
- કંપની માત્ર મોબાઈલ એપ્લીકેશનને આધારે જ બિઝનેશ કરશે.
- અગાઉ ઓનલાઈન બિઝનેશ કરતી મિન્ત્રા કંપનીએ પણ વેબસાઈટ બંધ કરી મોબાઈલ એપથી બિઝનેશ કરવાનો નિર્ણય લીધો હતો.

Vivekanand Academy, Gandhinagar